(૧). આ કામમા પોલીસ દૃવારા આરોપી વિરુધ્ધ પ્રોહી. ૬૬(બી),૮૫(૧)(૩) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીઓ અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલ ક્રિ. પ્રો. કોડ કલમ:૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓ આજરોજ હાજર છે અને આજરોજ આરોપીઓએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨, થી રજુ કરેલ છે અને ત્યારબાદ, આરોપીની ચાર્જશીટ મુજબ ના ગુના માટે પ્લી/ નિવેદન લેતા તેમાં પણ આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીઓને સાંભળતા. આરોપીઓ તેઓ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ અને સજા કરવા જણાવે છે, એ.પી.પી.શ્રીએ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં, કેસ તા. ૧૯/૧૨/૧૬ ના નોટીફીકેશન પહેલાનો છે. આરોપીને હળવી દંડ રુપી સજા કરવી ન્યાયોચિત જણાતુ હોય નીચે મુજબ હુકમ કરુ છું.

## ::: હુ ક મ :::

આરોપીનાઓને ધી પ્રોહી .એકટ કલમઃ ૬૬(૧)(બી),૮૫(૧)(૩) મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ : ૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની કેદની તથા એકત્રીતપણે રૂા. ૧૦૦/–(અંકે રુપીયા એક સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો આરોપીઓને દિવસ–૨( બે ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

(એ.આર.પટેલ )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
તા.૧૦/૦૨/૨૦૧૮ કોર્ટ નં.૭, અમદાવાદ.
જજ કોડ નં.જી.જે.૦૦૭૧૦